Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 10, Issue 1, June 2024
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# "કર્ણદ્વય" એક જીવનદર્શન
# ભાસ અને ઉમાશંકર જોષીની કૃતિઓના સંદર્ભમાં

**પ્રા. હિના દેસાઈ**
ગુજરાતી વિભાગ
એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત

ભારતીય સાહિત્ય જે બે રત્નોથી ઝળહળાં છે, તે છે વાલ્મીકિ રચિત 'રામાયણ' અને વેદ વ્યાસ રચિત 'મહાભારત' વિરાટ કાવ્યોથી. ભારતીય સંસ્કૃતિના ઉચ્ચજીવનદર્શનને વ્યક્ત કરતી આ બંને કૃતિઓ ભારતીય માનવસમાજને યુગોથી પ્રભાવિત કરતી રહી છે. ભારતવર્ષ જેને પ્રભુ કહી પૂજે છે એ શ્રીવિષ્ણુના અંશાવતારની કથા બંને કાવ્યમાં નિરૂપિત છે. એમાં દેવ, દાનવ અને માનવ ત્રણે પ્રકારનાં ચરિત્રોના શક્તિ-સામર્થ્યની અભિવ્યક્ત યશગાથા આજે ય જીવનબળ આપતી સંજીવની છે! આ મહાન રચનાઓના અનેક ચરિત્રોનો પ્રભાવ ચિરંજીવ છે.

' રામાયણ'ના શ્રીરામ અને 'મહાભારત'ના શ્રીકૃષ્ણ અજોડ છે. કિન્તુ મહાભારતમાં પ્રચંડ પરાક્રમી, આદર્શપ્રિય, પ્રતિજ્ઞાપાલક, કર્તવ્યનિષ્ઠ કર્ણ જેવા પાત્રની જોડ મળવી પણ દુર્લભ છે ! દેવને પણ હંફાવે એવા આ યોદ્ધાને મહાભારતકારે પૂરી તટસ્થતાથી જ આલેખ્યો છે. આથી મહાભારતનો કર્ણ ભાવકવર્ગને શૂરવીર, દાનવીર છતાં પંથ ભૂલેલો, કુસંગે છકેલો અહંકારી અંગદેશના રાજાથી વિશેષ કશું ન જણાય એ સ્વાભાવિક છે.

પરંતુ સંસ્કૃતસાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ નાટ્યસર્જક કવિવર ભાસે કર્ણના પાત્રની ઉદાત્તતાને લક્ષમાં લઈ 'कर्णभारम्' એક અંકના પાત્રપ્રધાન રૂપકની રચના કરી છે. ભાસે કર્ણને જાણે 'મૃત્યુંજય' દર્શાવ્યો છે. 'મહાભારત' માં પ્રારંભથી અંત સુધી તિરસ્કૃત થયેલા કર્ણના પાત્રને ઉઠાવીને ચિરયશસ્થાને સ્થાપિત કરે છે. 'हतेषु देहेषु गुणा धरन्ते ।'[१] તથા 'हुतं च दतं च तथैव तिष्ठति।'[२] નું ઉદાત્ત જીવનદર્શન ! એ જ સૂર્યપૂત્ર કર્ણના વ્યક્તિત્વનો વિમલ પ્રકાશ છે.

'कर्णभारम्' માં કર્ણના પાત્રને ઉજાગર કરતા ત્રણેક મહત્વના પ્રસંગનું જ આલેખન થયું છે. એક જ દિવસની ઘટના નિરૂપિત છે. સર્જકે પ્રથમ તો યુદ્ધ માટે સજ્જ કર્ણની ભ્રમિત મનોદશા દર્શાવી છે. પરશુરામ દ્વારા મળેલ શાપવૃતાંત કર્ણ એના સારથી શલ્યને કહે છે તે પ્રસંગ તથા ઇન્દ્ર દ્વારા કવચકુંડલની ભિક્ષા માંગવી અને પછી પશ્ચાતાપ રૂપે ' વિમલા' શક્તિશસ્ત્રની ભેટ મોકલાવવી - આવી સ્થૂળ ઘટનાના આલેખન દ્વારા કવિએ કર્ણના આંતરમનને ઉઘાડી આપ્યું છે.

'कर्णभारम्' માં બાહ્ય રીતે યુદ્ધ માટે સજ્જ દેખાતા આ ભાસના કર્ણની આંતર- ભૂમિક્ષેત્રે કંઈક જુદું જ ધમાસાણ મચી રહ્યું હોય છે. કર્ણની હૃદયભૂમિના યુદ્ધને ભાસે માનસશાસ્ત્રીય કુશળતાથી આલેખ્યું છે. જન્મનું, જીવનઅંતનું કઠોર સત્ય જાણી ચૂકેલ, રણાંગણે ગુરુશાપની સફળતા પારખી ગયેલ કર્ણ અહીં સંવેદનશીલ, કરુણાસભર જણાય છે. વિપરીત પરિસ્થિતિ પ્રેરક છે એ જાણવા છતાં કર્ણનો ઉત્સાહ જાળવવાનો પ્રયાસ પ્રસંશનીય છે.

"हतोऽपि लभते स्वर्गं जित्वा तु लभते यशः ।
उभे बहुमते लोके नास्ति निष्फलता रणे "[3]

અર્જુન હો કે હો કર્ણ પ્રત્યેક યોદ્ધાને ખપનું આ દર્શન કેટલું યથાર્થ છે ! અર્જુનને ગીતા જ્ઞાને તો કર્ણને આત્મપીડાના અનુભવે લાધેલ આ દર્શન છે.

બ્રાહ્મણવેશે કવચ-કુંડલની ભિક્ષા પામવા આવેલ દેવરાજ ઇન્દ્રને 'हुतं च दतं च तथैव तिष्ठति'[૪] ના મૂલ્યને નજર સમક્ષ રાખી કર્ણ અંતિમ રક્ષાકવચ આપી દે છે. 'कर्णभारम्' ના કર્ણસારથી સહૃદયી શલ્યરાજ દાનવીરને ચેતવે છે છતાં તે માગ્યું આપી દે છે. અહીં કર્ણ શલ્યરાજને કહે છે કે ઇન્દ્ર છેતરાયો છે! માણસે પ્રાણાંતે પણ પ્રયત્નપૂર્વક ધર્મ જ સાધવો, સર્જકનું એ જીવનદર્શન અહીં કર્ણને આત્મસંતોષ, આત્મગૌરવ બક્ષે છે. યશકીર્તિ, પ્રતિષ્ઠા અમર છે. દેહ નાશવંત છે. ગુણ ટકે છે. આવા જીવનસત્યના માર્ગે કર્ણનું પ્રસ્થાન છે. અહીં કર્ણ દેવ કરતાંય ચઢિયાતો માનવ છે. પશ્ચાતાપથી પીડાતા ઇન્દ્ર દ્વારા મોકલેલ વિમલાશક્તિશસ્ત્ર બ્રાહ્મણ વચનથી બંધાયેલ હોવાથી કર્ણ લે છે એ રીતે પણ વિજય કર્ણનો જ છે. જાણે ઇન્દ્રને પીડા મુક્ત કરે છે!

છેવટે જીવન અંતના કઠોર સત્યને આત્મસાત કરી કર્ણ, દુર્યોધનનું ઋણ ઉતારવા કટિબદ્ધ બને છે. અહીં સર્જકે મનુષ્ય જે સજ્જતાથી, ખમીર અને ખૂમારીથી, નિયતિ સામે લડવાનો પુરુષાર્થ કરે છે, સંઘર્ષ કરે છે, યુદ્ધે ચડે છે એ જ એનો વિજય છે એ દર્શાવ્યું છે. એ રીતે પ્રારબ્ધે ટૂંકો પણ પુરુષાર્થ ઊંચો કર્ણ અહીં 'મૃત્યુંજય' જણાય છે.

‘રાજલક્ષ્મી સર્પની જીભ જેમ ચંચળ હોય છે.’ ૫ એવું કહેતા કર્ણના પાત્રની નિર્લેપતા નિસ્પૃહ્યતા દાદ માગી લે છે.

“सूर्य इव, चन्द्र इव, हिमवान् इव ।
सागर इव तिष्ठतु ते यशः।।” ६

-એ તો એના અંતરના ઉજાસે, પ્રકાશે એ ભાસનું દર્શન છે. કર્ણની વિદ્યાપ્રાપ્તિ માટે રઝળપાટ, જ્ઞાન પિપાસુતા, એની ગુરૂ સેવા, એણે વેઠેલ પીડા કોણે જોઈ? એની દાનવીરતા પ્રતિષ્ઠા પામી પણ એ શું પામ્યો? કર્ણના આંતરમનને સ્પર્શીને ભાસનું જીવનદર્શન પ્રગટે છે. જીવન કરતાં જીવનમૂલ્યોનો, આદર્શનો, માનવ પુરુષાર્થનો મહિમાગાન અહીં છે.

‘कर्णभारम्’ દ્વારા ભાસે દર્શાવેલ ઉદાત્ત જીવનદર્શન જેવું જ કંઈક નવ્યદર્શન કર્ણના પાત્રને લક્ષ્યમાં રાખી, ભાસના સમયના આશરે ૧૪૦૦ વર્ષ બાદ ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સર્જક ઉમાશંકર જોષીનું વ્યક્ત થયું છે ‘કર્ણ-કૃષ્ણ’ કાવ્યમાં.

બંને સર્જકોએ ઉચ્ચજીવનમૂલ્યોનો મહિમા ગાયો છે પોત-પોતાની રીતે. ભાસનું દર્શન તત્કાલીન દષ્ટિએ આધુનિક છે. ભાસે મહાભારતના આ ચરિત્રને ‘कर्णभारम्’ માં જે રીતે બળકટ ઉઠાવ આપ્યો છે તેથી કર્ણનું પાત્ર અને કૃતિ  યશોદાયી બની રહ્યાં. ભાસ સર્જનમાંથી પ્રેરણા લઈને ભારતીય અન્ય ભાષામાં પણ નવા રૂપે, નવ્ય દર્શને કર્ણ આલેખતો રહ્યો છે. ઉમાશંકર જોષીએ ‘કર્ણ-કૃષ્ણ' કાવ્યમાં કૃષ્ણ વિષ્ટિમાં નિષ્ફળ નીવડ્યા પછી પાછા ફરે છે ત્યારે જતાં જતાં કર્ણ સાથે વાત કરવા, એને એના જન્મનું સત્ય જણાવવા, પાંડવપક્ષે રહી યુદ્ધ કરવા સમજાવવા માટે પોતાના રથમાં બેસાડે છે. આખું કાવ્ય સંવાદ રૂપે વહે છે. કર્ણનું પાત્ર ઉઘડતું જાય છે. બંને પાત્રોના સંવાદ દ્વારા સર્જકે ભારતીય સમાજના અનિવાર્ય અંગ સમાન જ્ઞાતિપ્રથાની ચુસ્તતાને તોડવા, હળવી કરવાના દર્શનને તાકી પ્રારબ્ધ કરતાં પુરુષાર્થથી જ માનવ હોવાનું ગૌરવ જળવાય છે તે દર્શાવ્યું છે. કૃષ્ણ કર્ણને એનું જન્મસત્ય જણાવે છે. કૃષ્ણ કર્ણને પાંડવ બનાવવા માન-સન્માનભર્યા જીવનની ભેટ ધરવા તત્પર છે. પણ કર્ણ મક્કમતાથી ના કહે છે.__

“યુદ્ધાંગણે કાલ જુએ ન કોણ,
કુજાત કે કોણ વળી સુજાત” ૭

ભાસનું જીવનદર્શન કર્ણના વ્યક્તિત્વના ગુણદર્શન દ્વારા ભારતીય સંસ્કૃતિદર્શનનું રહ્યું છે. ઉમાશંકર જોષીનું દર્શન કર્ણના પાત્રના આંતરિક ગુણદર્શનની સાથે સમાજના એક આખા વર્ગને લક્ષ્ય કરી જ્ઞાતિવાદને, વર્ગવિગ્રહને તાકે છે. કર્ણ કહે છે …

"સ્થાપીશ વ્યક્તિની વીરતા હું,
સુજન્મના પૈતૃક લાભ માથે" [૮]

ખુમારી, દૃઢસંકલ્પ, સ્વપરાક્રમમાં ગજબ વિશ્વાસ અહીં દેખા દે છે.

કૃષ્ણ સમષ્ટિનું હિત જોવા કહે છે. કર્ણ કહે છે જેમ પાંડવ જન્મસિદ્ધ અધિકાર પ્રાપ્તિ માટે લડે છે. તેમ હું પણ ....

" મથી રહ્યો છું અધિકાર પામવા:
કે હીન જન્મે નવ હીન માનવ,
કે હીન કર્મે કરી હીન માનવ.
લડી રહ્યો હું ય સમષ્ટિ કાજ" [૯]

ઉમાશંકર જોષીનું આ નવ્યદર્શન છે. તત્કાલીન ગાંધી વિચારધારાના રંગે રંગાયેલ આ કવિએ કર્ણના પાત્ર દ્વારા સમાજને સમાનતાની પ્રેરણા પૂરી પાડી છે.

" સ્વયંવરે જીવનસુંદરીના જોવાય ના જન્મ, પરંતુ
પૌરુષ, એ સ્થાપવા જીવું છું ને મરીશ." [૧૦]

પુરુષાર્થવાદી કર્ણની આ દૃઢતા એને ભાવકના સમભાવનો, અહોભાવનો અધિકારી બનાવે છે.

જીવન ઉત્સવ છે. અહીં કર્ણ મૃત્યુ-ઉત્સવ ઉજવે છે. યુદ્ધને ' જીવન લ્હાણ

ભવ્ય'[૧૧] માનતો કર્ણ કૃષ્ણને કહે છે કે યુદ્ધમાં.....

" ...ક્લંકો અપજન્મના બધાં
ધોવાઈ સ્હોશે થઈ કીર્તિશુભ્ર... "[૧૨]

'कर्णभारम्' ના કર્ણની જેમ અહીં પણ કર્ણ જન્મના, જીવનના કલંકભારથી મુક્ત થઈ અમરકીર્તિની કામના કરે છે.

" કલંક કહેશે અપમૃત્યુનું ન કો"[૧૩] મૃત્યુ તો શૂરવીરને છાજે તેવું વીરોચિત જ ! પોતે પસંદ કરેલ વિનાશપંથને ગૌરવપંથમાં પલટયો છે કર્ણએ, એ એના પાત્રની ગરિમા છે.

કુજન્મની કપરી કઠોરતાએ અને દુર્યોધનની સહાનુભૂતિએ કર્ણ અજાણતાં જ પાંડવ સામે, ધર્મ સામે થઈ રહ્યો અને અર્જુનથી ય ચઢિયાતો યોદ્ધો અંતે હણાયો ! આ પાત્રની કરુણાંતિકા છે પણ છે તો ગૌરવપૂર્ણ જ. કૃષ્ણના પાત્ર કરતાં ય અહીં કર્ણ ચઢિયાતો છે એ માનવ પુરુષાર્થનું ઊર્ધ્વિકરણ છે

બંને સર્જકોએ ઉચ્ચજીવનમૂલ્યોનો મહિમા ગાયો છે પોતપોતાની રીતે. ભાસનું દર્શન તત્કાલીન દ્રષ્ટિએ અર્વાચીન છે. ભાસે 'મહાભારત'ના ચરિત્રને 'कर्णभारम्' માં જે રીતે બળકટ ઉઠાવ આપ્યો છે, તેથી કર્ણનું પાત્ર અને કૃતિ યશોદાયી બની રહ્યાં છે અને સંભવતઃ ભાસસર્જનમાંથી પ્રેરણા લઈને ભારતીય અન્ય ભાષામાં પણ નવા રૂપે, નવ્ય દર્શને કર્ણ આલેખાતો રહ્યો છે. ઉમાશંકર જોષીએ 'કર્ણ-કૃષ્ણ' કાવ્ય દ્વારા જ્ઞાતિગત કુળ કરતાં મનુજકુળ જ ઉત્તમ છે એ દર્શાવ્યું છે.... અને છેવટનું સત્ય તો એ જ છે કે કર્મ.... કર્મ અને કર્માધીન જ ભાગ્ય છે !

**પાદટીપ :**

૧. महाकविभासविरचितं 'कर्णभारम्' – ડૉ. હર્ષદેવ માધવ અને પ્રા. આર. ડી. શુક્લ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ, ૧૯૯૩, પૃ. ૩૦ [૧૭]
૨. એજન, પૃ. ૩૨ [૨૨]
૩. એજન, પૃ. ૨૬ [૧૨]
૪. એજન, પૃ. ૩૨ [૨૨]
૫. એજન, પૃ. ૩૧ [૧૭]
૬. એજન, પૃ. ૩૦
૭. 'પ્રાચીના', 'કર્ણ-કૃષ્ણ' ઉમાશંકર જોષી, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. પૃ. ૦૭ [૧૫૦]
૮. એજન, પૃ. ૧૧ [૨૩૦]
૯. એજન, પૃ.૧૨ [૨૫૦]
૧૦. એજન, પૃ. ૧૨ [૨૬૦]
૧૧. એજન, પૃ. ૧૩ [૨૯૦]
૧૨. એજન, પૃ. ૧૩-૧૪ [૨૯૦]
૧૩. એજન, પૃ. ૧૪ [૨૯૦]

**સંદર્ભ ગ્રંથ સૂચિ :**

૧. महाकविभासविरचितं 'कर्णभारम्' – ડૉ. હર્ષદેવ માધવ અને પ્રા. આર. ડી. શુક્લ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ, ૧૯૯૩
૨. महाकविभासविरचितं 'कर्णभारम्' – (સંપા.) પ્રા. પી. સી. દવે અને પ્રા. સુરેશ જ. દવે, સરસ્વતી પુસ્તકભંડાર, અમદાવાદ. અદ્યતન આવૃત્તિ, ૧૯૯૩-૯૪.
૩. ' પ્રાચીના' - ઉમાશંકર જોષી, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ. પુનર્મુદ્રણ ૧૯૮૯.